# PAPER NAME - FOUNDATION COURSE

## Subject : Right to Information Act, 2005

→ B. COM. - SEM. - 4 (4)

Q. "માહિતીનો અધિકાર" શું છે? માહિતીનો અધિકાર ભારતના દરેક નાગરિકને કેવી રીતે મદદરૂપ થઈ શકે?

Ans.: 'માહિતીનો અધિકાર' / Right to Information એક મૂળભૂત માનવ અધિકાર છે, જે વિવિધ અધિકારો અને જવાબદારીઓ મળીને બન્યો છે, જેવા કે:

- દરેક વ્યક્તિને સરકાર તેમજ અમુક કેસોમાં ખાનગી સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવા માટે વિનંતી કરવાનો અધિકાર;
- વિનંતી કરેલ માહિતી પૂરી પાડવાની સરકારની ફરજ: સિવાય કે અમુક અપવાદો લાગુ પડતા હોય અને.
- સામાન્ય લોકહિતને લગતી માહિતી નાગરિકો દ્વારા વિનંતીની જરૂર વગર સ્વૈચ્છિક જાહેર કરવાની સરકારની ફરજ.

માહિતી સુધીની પહોંચનો અધિકાર એ હકીકત તરફ ધ્યાન દોરે છે કે જે સરકારી

વિભાગ અને રાખે છે તેની માહિતી કોઈ પણ સરકારી વિભાગ કે તત્કાલિન સરકારની 'માલિકીની' નથી. માહિતીનો અધિકાર અમર્યાદિત નથી. લોકહિતને નુકશાન પહોંચી શકે તેવી અમુક માહિતી ગુપ્ત રાખી શકાય છે.
દા.ત.: યુદ્ધ દરમિયાન સેનાની ગોઠવણને લગતી માહિતી અથવા રાષ્ટ્રીય આર્થિક નીતિ અંગેની સલાહ તેના પ્રકાશન પહેલાં જણાવવી નહીં. તે સિવાય, મુખ્ય સવાલ એક જ રહેશે કે માહિતીને જાહેર કરવી લોકહિતમાં છે કે ગુપ્ત રાખવી લોકહિતમાં છે?

* માહિતીનો અધિકાર ભારતના નાગરિકને નીચે પ્રમાણે મદદરૂપ થઈ શકે?

→ ભારતના નાગરિક તરીકે સરકાર તરફથી મળતી સેવાઓ, અધિકારો અને લાભો યોગ્ય રીતે મળી રહે તે સુનિશ્ચિત કરવા માહિતીના અધિકાર અધિનિયમનો / Right to information Act નો ઉપયોગ કરી શકાય છે.
- માહિતીના અધિકાર અધિનિયમનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરી અનેક સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે.

ઉદાહરણ તરીકે:

▣ રાશનકાર્ડ ધારક તેમના ભાગનું રાશન તેમને બરાબર મળી રહ્યું છે અને તેમના નામનું અનાજ ગેરવલ્લે તો નથી જતું, તે જોવા, દુકાનદાર કે પૂરવઠા વિભાગમાં રાખવામાં આવતા સ્ટોક અને વેચાણ રજીસ્ટરની તપાસ કરી શકે છે.

■ લોકો સરકારી સેવાનો લાભ લેવા માટેની
અરજીમાં ~~પયેલ પ્રણાલીની~~ ચકાસણી કરી શકે છે.
જેમાં વિજળી અથવા પાણી માટે આપેલ
અરજીની પરિસ્થિતિની ચકાસણી, કયા અધિકારી
ફાઈલની કાર્યવાહી કરી રહ્યા છે તેમજ કેટલા
સમયમાં અને તેમણે શું પગલા લીધાં છે તેનો
પણ સમાવેશ થાય છે.

■ બાળકના માતા-પિતા સરકારી શાળાઓમાં
ફાળવવામાં આવેલ ફંડનો યોગ્ય રીતે ઉપયોગ
થઈ રહ્યો છે કે કેમ અથવા શાળામાં
પ્રવેશ લાંચ લઈને આપવામાં આવેલ
છે કે નહિ તેની તપાસ કરી શકે છે
અથવા શિક્ષણ માટે ફાળવવામાં આવેલ ફંડનો
ઉપયોગ બીજા કોઈ માટે થતો નથી. તેની
વિગતો આપવાનું કહી શકે છે:

એક સામાજિક વ્યક્તિ તરીકે આપણે
નીચે મુજબની માહિતી જાણી શકીએ છીએ

<u>ઉદાહરણ</u> તરીકે:

⇒ સરકારી શાળામાં શિક્ષકોની દૈનિક
હાજરી કેટલી છે ?

⇒ સરકારી હોસ્પિટલમાં મંજૂર થયેલ
સ્ટાફની સરખામણીએ કેટલા ડોક્ટર
અને નર્સની સંખ્યા પૂરી છે ?

⇒ નગરપાલિકાના અધિકારીઓએ કેટલા

ઠેકેદારને બ્લેકલીસ્ટ કર્યા અને બ્લેકલીસ્ટ થયેલા હોવા છતાં કેટલા ઠેકેદારોને જાહેર કાર્યો કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

ટૂંકમાં કહી શકાય છે કે સામાન્ય નાગરિક માટે માહિતી અધિકાર અધિનિયમ / Right to information Act - 2005 ખૂબ જ ઉપયોગી કાયદો છે અને તે ભારતના નાગરિકને ખૂબ જ મદદરૂપ થઈ શકે છે.

# Right to Information →

**Q. માહિતી મેળવવા માટે માહિતી ધરાવનાર સંસ્થામાં કોનો સંપર્ક કરી શકાય ?**

**Ans.** આદર્શ રીતે, કોઇ પણ જાહેર સત્તામંડળોમાં કામ કરનાર અધિકારીએ અરજી કરવામાં મદદ કરવી જોઇએ.

- જો કે લોકો માટે એક ચોક્કસ સંપર્ક નક્કી કરવા, માહિતીનો અધિકાર અધિનિયમ / RTI જાહેર સત્તામંડળોમાં અરજીઓને હાથ ધરવા બે જુદા પ્રકારના અધિકારીઓની નિમણૂંક સૂચવે છે, જે નીચે પ્રમાણે છે.

1. જાહેર માહિતી અધિકારીઓ.
2. મદદનીશ જાહેર માહિતી અધિકારી.

**સમજૂતી**

**1. જાહેર માહિતી અધિકારી :**

→ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક વિભાગના વહીવટી સ્તરે જાહેર માહિતી અધિકારીઓની નિમણૂંક થવી જરૂરી છે. જાહેર માહિતી અધિકારીઓ અરજી સ્વીકારવા અને તેની ઉપર પ્રક્રિયાઓ કરવા માટે જવાબદાર છે. તેમણે અરજી કરવામાં જરૂર પડતી હોય તેવા અરજદારોને પણ મદદ કરવાની છે. જાહેર માહિતી અધિકારીઓના નામ દરેક સરકારી વિભાગોની

કચેરીઓમાં દેખાય તે રીતે અને તેમની વેબસાઈટ પર હોવા જોઈએ.

**2** મદદનીશ જાહેર માહિતી અધિકારી :

— કાયદા હેઠળ જાહેર સત્તામંડળોમાં અથવા તાલુકા કક્ષાએ મદદનીશ જાહેર માહિતી અધિકારીઓની નિમણૂંક જરૂરી છે. મદદનીશ જાહેર અધિકારીની ~~[illegible]~~ ફરજ છે કે તે અરજી સ્વીકાર્યાના પાંચ દિવસમાં "જાહેર માહિતી અધિકારીને" મોકલી આપે.

— "મદદનીશ જાહેર માહિતી અધિકારી" તેમને ખરેખર માહિતી પૂરી પાડશે નહીં કારણ કે તે જવાબદારી "જાહેર માહિતી ~~અધિકારીની~~" છે તેમ છતાં જો માહિતી સરળતાથી ઉપલબ્ધ હોય તો તેમણે અરજની નોંધ કરી શક્ય તેટલી ઝડપે માહિતી પૂરી પાડવી જોઈએ.

આમ, માહિતી મેળવવા માટે માહિતી ધરાવનાર સંસ્થામાં "જાહેર માહિતી અધિકારી" તથા "મદદનીશ જાહેર માહિતી અધિકારી" નો સંપર્ક કરવો જોઈએ.

**Que.:** માહિતી અધિકારના કાયદા હેઠળ માહિતી મેળવવા માટે અરજી કેવી રીતે લખશો તે જણાવો.

**Ans:** આ કાયદા હેઠળ માહિતી મેળવવા ઇચ્છતા નાગરિકને જો અરજી લખવામાં મુશ્કેલી હોય તો કાયદાની કલમ - 6(1) ખ મુજબ અરજદારની મૌખિક વિનંતીને લેખિત સ્વરૂપમાં રજૂ કરવા જાહેર માહિતી અધિકારી તમામ જરૂરી સહાય કરશે.

→ અરજી કોરા કાગળ પર લખી શકાય, છાપેલા ફોર્મમાં આપવી જરૂરી નથી.

→ અરજીમાં,

[1] જાહેર માહિતી અધિકારી, તેના ખાતાં, વિભાગ કે કચેરીનું નામ અને સરનામું

[2] અરજદારનું નામ તથા ટપાલનું સરનામું

[3] આપને મેળવવાની માહિતીની મુદ્દાસર ટૂંકી વિગત.

[4] આપણે માહિતી, માહિતી અધિકારના કાયદા હેઠળ માંગીએ છીએ તેવું સ્પષ્ટ લખો

→ આપણે અરજી લખતી વખતે સૌથી ઉપર મથાળે અથવા અરજી પૂરેપૂરી લખ્યા પછી નીચે અરજી કર્યા તારીખ લખવાનું ભૂલવું નહિ.

→ અરજી ફી કયા સ્વરૂપે ભરવી તે નક્કી કરવાનો અધિકાર નાગરિકને છે.

→ જાહેર માહિતી અધિકારીને અરજી અને ફીની રકમ સ્વીકાર્યા બાદ તે અંગેની પહોંચ અરજદારને આપવાની રહે છે, તેથી પહોંચ લેવી જરૂરી છે.

Q. માહિતીના અધિકાર અધિનિયમ / RTI Act હેઠળ દરેકને કયા અધિકાર મળે છે ?

Ans: માહિતીના અધિકાર અધિનિયમ / RTI Act હેઠળ દરેકને નીચે પ્રમાણેના અધિકાર મળે છે.

* રેકર્ડ અને કાર્યોનું નિરીક્ષણ કરવાનો અધિકાર :

→ વ્યક્તિગત રીતે કોઈ પણ કામ, દસ્તાવેજ કે રેકર્ડનું નિરીક્ષણ કરી શકાય છે.

ઉદાહરણ તરીકે : પુલનું બાંધકામ કે હેન્ડપંપ લગાવવાનું કામ નક્કી માપદંડો મુજબ થાય છે કે નહીં તેનું નિરીક્ષણ કરવાનું કહી શકાય છે.

* પ્રમાણિત નકલ મેળવવાનો અધિકાર :

→ પ્રમાણિત નકલો અથવા દસ્તાવેજો કે રેકર્ડનો સારાંશ મેળવી શકાય છે અને દસ્તાવેજ અને રેકર્ડમાંથી અમુક નોંધ લેવાનું પણ કહી શકાય છે.

* નમૂના અથવા મોડલ મેળવવાનો અધિકાર :

→ કોઈ સામગ્રીનો પ્રમાણિત નમૂનો અથવા મોડલ માંગી શકાય છે. ઉદાહરણ તરીકે, આપણા ઘરની નજીક બનતા રોડનો નમૂનો માંગી શકાય છે કે જેથી આપણે તપાસી શકીએ છીએ કે તેમાં કરાર મુજબ યોગ્ય સામગ્રી ઉપયોગમાં લેવાય છે કે નહિ.

* ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તેવી માહિતી મેળવવાનો અધિકાર :

→ આપણને ફ્લોપી, ટેપ, વીડિયો કેસેટ અથવા અન્ય ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં હોય તેવી માહિતી પ્રિન્ટ આઉટ સ્વરૂપમાં મળવાનો અધિકાર છે અધિનિયમને એટલા વ્યાપક સ્વરૂપે ઘડવામાં આવ્યો છે જેથી નવી ટેકનોલોજીમાં ઉપલબ્ધ માહિતીનો પણ સમાવેશ થઈ શકે.

આમ, ઉપરોક્ત દર્શાવ્યા પ્રમાણેની માહિતી મેળવવાનો અધિકાર RTI Act દ્વારા મળે છે.

———